# સ્વાદરસિકો ગરમા ગરમ હેલ્ધી સૂપ-સલાડ તરફ વળ્યા

**શહેરમાં વહેલી સવારે સે. ૧, સરિતાઉદ્યાન, પુનિતવન ખાતે ગરમા ગરમ સૂપ, સલાડ, જ્યુસનું વેચાણ : ડાયાબિટીસવાળા લોકો માટે કારેલાનો જ્યુસ ઓન ડિમાન્ડ**






ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં ઘણી જગ્યાઓ પર ગરમાગરમ સૂપ, કઠોળના સલાડ અને વિવિધ જ્યુસનું વેચાણ કરવામાં આવી રહ્યુ છે. જેમાં સેક્ટર-૧ ના તળાવ પાસે, સરિતાઉદ્યાન, પુનિતવન, સેક્ટર-૨૨ પંચદેવ મંદિર પાસે એમ આ ચારેક સ્થળ પર આ આરોગ્યપ્રદ પીણા અને સલાડનું વેચાણ થઈ રહ્યુ છે અને ગાંધીનગરાઓ વહેલી સવારે આ આરોગ્યપ્રદ સૂપ, સલાડ, જ્યુસ પીવા માટે ઉમટી રહ્યા છે.

ગાંધીનગરમાં સ્વાદરસિકો માટે આ બજારે એક અનોખુ આકર્ષણ જમાવ્યુ છે. સસ્તુ, સારૂ અને આરોગ્યવર્ધક આ પીણા બજારમાં મનભાવન સ્વાદ સાથે માણતા શહેરીજનોને વહેલી સવારે જોવાની પણ મજા આવે છે અને કોઈ પણ જાહેરાત વગર આ બજાર ઉભુ થયુ છે.

ગાંધીનગરમાં સ્વાદરસિકો ઉપરાંત ડાયાબિટીસના દર્દીઓ પણ વધુ પ્રમાણમાં છે. તેઓ માટે પણ આ આરોગ્યપ્રદ પીણાઓ વધુ મહત્વના સાબિત થઈ રહ્યા છે. ડાયાબિટીસના દર્દીઓ સૌથી વધુ કારેલાનો જ્યુસ પીવાનું પસંદ કરી રહ્યા છે. તો અન્ય સ્વાદરસિકો દૂધી, સરગવો, ગાજર-બીટ અને કઠોળમાં મિક્સ સલાડ ખાવાનું પસંદ કરી રહ્યા છે.

શહેરમાં વહેલી સવારે વોક માટે નીકળતા લોકો ઉપરાંત સ્પેશિયલ આ ચીજવસ્તુઓનો સ્વાદ માણવા પણ લોકો અહીંયા આવતા નજરે પડે છે. ચોમાસા ઉપરાંત શિયાળામાં પણ આ વ્યવસાય ખીલેલો જોવા મળ્યો હતો.

આયુર્વેદ મુજબ સીઝનમાં ફેરફાર થતાં આપણા શરીરની એનર્જીમાં પણ બદલાવ આવે છે. આ ફેરફાર શરીરની પાચનશક્તિ અને ઈમ્યુનીટી સિસ્ટમને નબળી બનાવે છે. આ ઉપરાંત વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ રહેતું હોવાથી ગરમ અને હેલ્ધી ખોરાક ખાવાનું સૂચવવામાં આવે છે. આ સીઝનમાં પોતાને હેલ્ધી રાખવા માટે ન્યુટ્રિએન્ટથી ભરપૂર ખોરાક લેવો જોઈએ. હેલ્ધી ઈમ્યૂન સિસ્ટમ બીમારીઓથી બચાવશે અને પાંચન શક્તિ મજબૂત બનાવશે. ચોમાસામાં ઠંડી અને કાચી વસ્તુઓ ખાવાનું ટાળવુ જોઈએ. કારણ કે કાચુ સલાડ, આઈસક્રીમ, ઠંડા જ્યુસ અને ઠંડુ દહીં ઈમ્યુનીટી સિસ્ટમ નબળી પાડે છે. ચોમાસાની સીઝનમાં રાંધેલો અને પોષક તત્વોથી ભરપૂર ખોરાક લેવો જોઈએ.

ગાંધીનગરમાં સ્ટ્રીટ ફૂડની જમાવટની સાથે સાથે આરોગ્યવર્ધક ખાણી-પીણી પણ ઉપલબ્ધ હોવાથી સ્વાદરસિકો માટે ઉપયોગી અને સહેલુ પડે છે. સ્વાસ્થ્ય પ્રત્યે કાળજી રાખતા લોકો દર વર્ષે આ ગરમાગરમ સૂપ અને સલાડનું સેવન કરતા આવ્યા છે. જેમ જેમ સીઝન બદલાય છે તેમ તેમ સૂપ અને સલાડમાં નવી નવી વેરાયટીઓ જોવા મળે છે.

સરીતાઉદ્યાનમાં વહેલી સવારે યોગ, કસરત, વોક માટે નીકળતા લોકોની સંખ્યા વધુ હોય છે. આ સાથે સેક્ટર-૧ અને પુનિતવન પાસે પણ વહેલી સવારે કસરત માટે આવતા લોકોની સંખ્યા વધુ રહે છે. સેક્ટર-૧માં તો છેક અમદાવાદથી અહીં આવીને વહેલી સવારે ગરમાગરમ સૂપ અને સલાડનું વેચાણ કરતા વેપારીનો જુસ્સો જોવા જેવો છે.

આમ લોકો સવારે ચાની સાથે ફાફડાને જલેબી ખાતા હતા તેને બદલે ચોમાસા દરમિયાન આ ગરમા ગરમ ચીજવસ્તુઓનું સેવન તરફ વળ્યા છે.

# ગેઝિયા, GIDCમાં ગટરો ઉભરાતા ગંદકીનો માહોલ



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોન (ગેઝિયા) સે. ૨૫માં છેલ્લા કેટલાક દિવસથી ગટરો ચોકઅપ થવાની સમસ્યા થઈ છે. આ એસ્ટેટની અંદર પાંચસોથી વધુ કંપનીઓ કાર્યરત છે. જેમાં આ સમસ્યાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

માર્ગ અને મકાન વિભાગને એક અઠવાડિયાથી ધ્યાને મુકવામાં આવ્યું છે પરંતુ માર્ગ અને મકાન વિભાગની ગટરો આગળથી ચોકઅપ થઈ રહી હોવાથી જીઆઈડીસી એસ્ટેટની ગટરો એસ્ટેટની અંદર બેક થઈ અને ઉભરાવવા લાગી છે આવી જ સમસ્યા જીઆઈડીસીના રહેણાંક વિસ્તાર ગ્રીનસીટીની થઈ રહી છે.

વારંવારની સીધી રજૂઆત તથા વિસ્તારના નગરસેવક થકી પણ રજૂઆત કરવામાં આવી છે. જો આ બાબતે તાત્કાલિક ૨ દિવસમાં યોગ્ય પગલાં નહી લેવાય તો એસ્ટેટમાં ગટરો ઉભરાઈને બહાર આવશે એવી સ્પષ્ટ ભીતિ વ્યક્ત કર્યા બાદ પણ સરકારી રાહે થતા કામોને લઈને છેલ્લા બે દિવસથી એસ્ટેટમાં ગટરો ઉભરાવવાની શરૂ થઈ છે.

જીઆઈડીસીના અધિકારીઓ સાથે પણ લાગતા વળગતા વિભાગોની સીધી વાત કરાવ્યા છતા પણ આટલા દિવસથી કોઈ ઉકેલ નથી આવ્યો.

ચોમાસાના વરસાદી દિવસો શરૂ થઈ ગયા છે અને વરસાદ પડતા ગટર અને વરસાદી પાણી ભેગા થતાં આરોગ્યની ગંભીર સમસ્યા ઉભી થવાની ભીતિ છે. વર્ષમાં આંતરે દિવસે થતી આ ગટરની સમસ્યાઓનું કોઈ કાયમી નિરાકરણ આવે તેવી માંગ કરવામાં આવી છે.

નહિ તો લોકોને ગટરો ઉભરાવાના કારણે ઉદ્યોગ બંધ રાખવાની નોબત આવશે. એસ્ટેટને અડીને ઉભા થયેલા અસંખ્ય એપાર્ટમેન્ટની ગટર લાઈનો પણ આજ લાઈનોમાં જોડવામાં આવેલી છે જેથી હજુ પણ પરિસ્થિતિ વિપરીત બની શકે તેમ છે. આ બધી બાબતો ધ્યાને લઈને માર્ગ અને મકાન વિભાગ ગંભીરતાપૂર્વક જે કરવું પડતું હોય તે કરીને તાત્કાલિક આ સમસ્યાનું નિવારણ લાવે તથા ભવિષ્યમાં આ પ્રકારની સમસ્યાઓ વારે વારે ન થાય એ માટે કોઈ કાયમી ઉકેલ લાવે એવી ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોન એસોસિએશનની અપેક્ષા છે. જો એકાદ દિવસમાં આનો ઉકેલ નહિ આવે તો સમસ્યા ગંભીર બનશે.

# માતૃભાષા સારી લખવા સાથે સાચી લખવાની ત્રેવડ પણ જરૂરી

**માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા એનઆઇએમસીજે ખાતે પત્રકારોની ભાષા સજ્જતાની કાર્યશાળા યોજાઈ**



ગાંધીનગર, તા.૨૫

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપક્રમે પત્રકારો માટે ભાષા સજ્જતાનો કાર્યક્રમ સરખેજ ગાંધીનગર હાઈવે પરની એનઆઈએમસીજે કૉલેજ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૨૮ પત્રકાર, અનુવાદક, કવિ, લેખક, બ્લૉગર પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે સાત પત્રકારો ઑનલાઇન ઉપસ્થિત રહ્યા હતા. માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન ન્યાસ (ટ્રસ્ટ)ના ઉપાધ્યક્ષ અને ચિલ્ડ્રન્સ યુનિ.ના પૂર્વ કુલપતિ હર્ષદભાઈ શાહે આ અભિયાનની ભૂમિકા આપી હતી.

"ભાષા સારી લખવાની સૌને ઈચ્છા થાય છે, પરંતુ ભાષા સાચી લખવાની ત્રેવડ નથી દેખાતી" તેવું કહેતા હર્ષદભાઈ શાહે માતૃભાષાની સ્વીકૃતિ કેવી રીતે વધારી શકાય તે અંગે ચિંતા કરવી જરૂરી હોવાનું જણાવ્યું હતું. માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન ભાષા સંરક્ષણ, સંવર્ધન અને સજ્જતના લક્ષ્ય સાથે કાર્યરત હોવાનું જણાવતાં તેમણે ગાંધીનગરમા અત્યાર સુધીમાં ન્યાસ દ્વારા ૭૫ જેટલી કાર્યશાળાઓ યોજાઈ ચુકી હોવાની માહિતી આપી હતી.

અંગ્રેજી ભાષા સાથે બિલ્લીપગે "અંગ્રેજીયત" આવી ચુકી હોવાની ચિંતા વ્યક્ત કરતાં તેમણે ન્યાસ દ્વારા આગામી સમયમાં એનઆરજી પરિવારોના બાળકોમાં માતૃભાષાને જીવંત રાખવા પ્રયાસો હાથ ધરાશે તેવું જણાવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે વિશ્વ સંવાદ એજ્યુકેશન ફાઉંડેશનના મેનેજિંગ ટ્રસ્ટી પ્રદીપ જૈને સ્વાગત ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે "ડિજિટલ યુગમાં અંગ્રેજીનો પ્રભાવ વધ્યો છે તેમ આપણે પણ ટેક્નોલોજીના માધ્યમથી માતૃભાષાને બળ પૂરું પડવું પડશે. આપણે શુદ્ધ ગુજરાતી બોલી શકે તેવા વક્તાઓ તૈયાર કરવા જોઈએ જેઓ પત્રકારત્વની સંસ્થાઓમાં વ્યાખ્યાન આપી શકે." પત્રકાર અને કટાર લેખક જયવંત પંડ્યાએ પત્રકારો માટે બનેલા મા.ગૌ.પ્ર. જૂથ અને આ કાર્યક્રમની ભૂમિકા આપવા સાથે વર્તમાનપત્રોમાં સમાચારના મથાળાઓમાંથી સાહિત્ય તત્વ અદ્રશ્ય થયું હોવાની ચિંતા વ્યક્ત કરી હતી અને તે સાથે તેમણે ભાષાના પ્રચાર માટે પ્રત્યક્ષ શિક્ષણ મહત્વનું ગણાવ્યું હતું.

આજના આ શિક્ષણ કાર્યક્રમમાં બે સત્રોમાં કવિ -લેખક કિશોર જિકાદરા અને શિક્ષક કલ્પેશ પટેલે વિવિધ ખોટા શબ્દોને સાચી કઈ રીતે લખાય તે 'જ્ઞાન સાથે ગમ્મત' શૈલીમાં સમજાવ્યું હતું અને સાથે પત્રકાર મિત્રોની શંકાનું સમાધાન પણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એનઆઈએમસીજેના નિયામક ડૉ. શિરીષ કાશીકરે કર્યું હતું.

કાર્યશળામાં માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના કામધેનુ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. પ્રવીણ વાટલિયા, જીપીએસસીના પૂર્વ સદસ્ય અને ચેરમેણ પ્રવીણ વઘાસિયા, ગાંધીનગરની સમર્પણ કોલેજના પ્રાધ્યાપક/ પૂર્વ આચાર્ય અને ન્યાસના મુખપત્ર 'ભાષા મારી ગુજરાતી'ના તંત્રી ડૉ. દીપક પંડ્યા, ચિલ્ડ્રન્સ યુયુનિવર્સીટીના મદદનીશ પ્રાધ્યાપક અને ન્યાસના સહમંત્રી ડૉ. જય ઓઝા તેમજ ન્યાસના મંત્રી અને જૂનાગઢના નિવૃત શિક્ષક એલ વી જોશી વગેરે ન્યાસીઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

# બુલેટ વર્લ્ડ દ્વારા બુલેટ રાઇડની સવારી સાથે રોડ સાઇડ જન્મ દિવસ ઊજવ્યો



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સરગાસણ ખાતે આવેલા બુલેટ વર્લ્ડ દ્વારા બુલેટ રાઈડની સવારી સાથે અનેક સાહસિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. બુલેટ વર્લ્ડ દ્વારા એના પાંચમા જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે બુલેટ રાઈડનું આયોજન કર્યું હતું અને રાડ સાઈડ ધાબા પર સેલિબ્રેશન કર્યું હતું. આ રાઈડમાં વનરાજસિંહ વાઘેલા, સંજય થોરાત, અભિજીતસિંહ પરમાર, જયેન્દ્રસિંહ રાણા, કિશોર સિંહ, સૂરજસિંહ રાઓલ, આલાપ ત્રિવેદી, પ્રશાંત મેવાડા, કૃણાલભાઈ પ્રજાપતી, રવિભાઈ પંચાલ, મનીષભાઈ ત્રિવેદી, નિમેશ પંચાની, આનંદભાઈ, પ્રિતેશ પટેલ, રોહિત ભૂપેન્દ્ર વગેરે બુલેટ રાઈડર્સ પોતાની બુલેટ સાથે જોડાયા હતા અને ગાંધીનગર અમદાવાદ બુલેટ રાઈડની મજા માણી ગાંધીનગર પરત આવ્યા હતા. આ રાઈડર્સ આવતા મહિને કુંભલગઢ બુલેટ રાઈડ કરવાના છે.

# માત્ર પાંચ દિવસમાં ગુજરાતીઓએ ૧૯.૫૩ કરોડનું ડિજિટલ સોનું ખરીદ્યું

**ગુજરાતીઓને સોનું ઓલટાઇમ ફેવરિટ છે : ગુજરાતના પોસ્ટ વિભાગના ઇતિહાસમાં પહેલીવાર આટલી રેકોર્ડ બ્રેક ખરીદી જોવા મળી હતી**

અમદાવાદ, તા.૨૫

સોનાનો ભાવ ભલે આસમાને જાય, પરંતું ગુજરાતીઓને સોનું ઓલટાઈમ ફેવરિટ છે. ગુજરાતીઓને સોનું પ્રિય હોય છે. આવામાં ગુજરાતીઓએ ફરી એકવાર સોનાની ખરીદીને રેકોર્ડ બ્રેક કર્યો છે. ગુજરાતીઓમાં હવે ડિજીટલ ગોલ્ડ ખરીદવાનો નવો ટ્રેન્ડ શરૂ થયો છે. જેમાં ગુજરાતીઓએ માત્ર પાંચ દિવસમાં પોસ્ટની ડિજીટલ ગોલ્ડની સ્કીમમાં માત્ર ૫ જ દિવસમાં ૧૯.૫૩ કરોડ રૂપિયાનું ૩૨.૯૬૭ કિલો ડિજિટલ ગોલ્ડ ખરીદ્યું છે. ડિજિટલ ગોલ્ડ ખરીદ્યું. ગુજરાતના પોસ્ટ વિભાગના ઈતિહાસમાં પહેલીવાર આટલી રેકોર્ડ બ્રેક ખરીદી થઈ છે. પોસ્ટ વિભાગ દ્વારા સોવેરિયન ગોલ્ડ સ્કીમ લોન્ચ કરવામાં આવી છે. જેમાં હવે રોકાણકારો વળ્યા છે. આ રોકાણમાં પણ ગુજરાતીઓ અવ્વલ છે. આ સ્કીમમાં સોનુ ખરીદવામાં ગુજરાત પ્રથમ ક્રમે છે. સુરત હેડ પોસ્ટ ઓફિસના જનસંપર્ક અધિકારી નિરજ ચિનાઈએ કહ્યું હતું કે, પોસ્ટ વિભાગ દ્વારા ડિજિટલ સોનાની સ્કિમ બહાર પાડવામાં આવે છે, વર્ષ ૨૦૧૭ની સ્કિમમાં જે લોકોએ રોકાણ કર્યુ હતું તેમના રૂપિયા હાલ ડબલ થઈ ગયા છે. આ ૫ દિવસની સ્કિમમાં પોસ્ટ ઓફિસના ઈતિહાસમાં સૌથી વધારે ડિજિટલ ગોલ્ડનું વેચાણ થયું છે.' સોવરિન ગોલ્ડ બોન્ડ સરકાર વતી આરબીઆઈ દ્વારા જાહેર કરવામાં આવે છે. આ હેઠળ તમે ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે સોનું ખરીદી શકો છો. ખાસ વાત છે કે આ ગોલ્ડ બોન્ડ જીએસટી હેઠળ સામેલ નથી. સાથે ગેરંટેડ રિટર્ન પણ મળશે. અહીં સસ્તું સોનું ખરીદવાનો અર્થ છે કે ગ્રાહક બજેટ પ્રમાણે એક ગ્રામ સોનું પણ ખરીદી શકે છે. વધુમાં વધુ ૪ કિલો સુધી સોનું ખરીદી શકે છે. નોંધનીય છે કે સરકાર તરફથી આ બોન્ડ રિઝર્વ બેંક જારી કરે છે. અત્રે નોંધનીય છે કે આ યોજનામાં રોકાણકારોને વાર્ષિક ૨.૫ ટકાના દરે વ્યાજનો લાભ મળે છે. આ યોજનામાં કેપિટલ ગેઈન ટેક્સ મુક્તિ પણ ઉપલબ્ધ છે. આ યોજના હેઠળ સોનું ખરીદવા માટે કોઈ જીએસટી અને મેકિંગ ચાર્જ લાગતો નથી. જો તમે ઈચ્છો તો આ યોજના હેઠળ ૪ કિલો ગોલ્ડ બોન્ડ ખરીદી શકો છો. આ સિવાય ટ્રસ્ટ અથવા સંસ્થા ૨૦ કિલો સુધીના બોન્ડ ખરીદી શકે છે.મંત્રાલયના જણાવ્યા અનુસાર, સોવરિન ગોલ્ડ બોન્ડ સ્મોલ ફાઈનાન્સ બેંક અને પેમેન્ટ બેંક, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, નિયુક્ત પોસ્ટ ઓફિસ, માન્ય સ્ટોક એક્સચેન્જો, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ લિમિટેડમાંથી ખરીદી શકો છો.



# ગાંધીનગર શહેરમાં તિરુપતિ મંદિર બનાવવાની યોજના

તિરુપતિ, તા.૨૫

વિશ્વના સૌથી ધનિક મંદિર ટ્રસ્ટ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD)એ આગામી થોડા વર્ષોમાં દેશના તમામ રાજ્યોમાં ભગવાન વેંકટેશ્વર મંદિરો સ્થાપવાનું નક્કી કર્યું છે. આંધ્ર પ્રદેશના ચિત્તૂર જિલ્લામાં સ્થિત તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ દ્વારા દેશના તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં તિરુપતિ મંદિરની ઓછામાં ઓછી એક પ્રતિકૃતિ બનાવવામાં આવશે. જે ભગવાન બાલાજીની સમગ્ર ભારતમાં હાજરી સુનિશ્ચિત કરવાની મહત્વાકાંક્ષી યોજનાનો એક ભાગ છે. TTD ટ્રસ્ટની સ્થાપના ૧૯૩૩માં કરવામાં આવી હતી. ત્યારપછી ટ્રસ્ટે તિરુમાલા ખાતે પ્રતિષ્ઠિત ભગવાન વેંકટેશ્વર સ્વામી મંદિર, તિરુચાનુર ખાતે શ્રી પદ્માવતી અમ્માવરી મંદિર અને તિરુપતિ ખાતે શ્રી ગોવિંદરાજા સ્વામી મંદિર સહિતના મંદિરોનું સંચાલન કર્યું હતું. પાછળથી આ ટ્રસ્ટે તેની સ્થાપનાના નવ દાયકામાં સમગ્ર ભારતમાં ભગવાન વેંકટેશ્વરને સમર્પિત ૫૮ મંદિરોની સ્થાપના કરી. જો કે, આમાંના મોટાભાગના મંદિરો દક્ષિણના રાજ્યો આંધ્રપ્રદેશ, તેલંગાણા અને તમિલનાડુમાં સ્થિત છે. હવે ટ્રસ્ટે ઉત્તર અને પૂર્વ ભારત સહિત સમગ્ર દેશમાં ભગવાન વેંકટેશ્વરના મંદિરની સ્થાપના કરવાનો નિર્ણય લીધો છે. આ ટ્રસ્ટ દક્ષિણ ભારતમાંથી બહાર આવ્યું અને ૧૯૬૯માં ઉત્તરાખંડના ઋષિકેશમાં બાલાજી મંદિરની સ્થાપના કરી. ટ્રસ્ટે ૨૦૧૯માં કન્યાકુમારી ખાતે ભગવાન વેંકટેશ્વર મંદિરની સ્થાપના કરીને ભારતના દક્ષિણ ભાગમાં તેના પગની છાપ સ્થાપિત કરી છે. તાજેતરમાં જ ૮મી જૂને જમ્મુમાં ભગવાન વેંકટેશ્વર બાલાજીના મંદિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. ટ્રસ્ટ ગુજરાતમાં ગાંધીનગર, છત્તીસગઢના રાયપુર અને બિહારમાં વધુ ત્રણ મંદિરો બનાવવાનું વિચારી રહ્યું છે, જ્યાં નીતિશ કુમાર સરકાર સાથે પ્રાથમિક તબક્કે ચર્ચા ચાલી રહી છે. ટ્રસ્ટે તાજેતરમાં મહારાષ્ટ્રમાં ભગવાન બાલાજી મંદિરની પ્રતિકૃતિનો શિલાન્યાસ પણ કર્યો છે. આ માટે રાજ્ય સરકારે નવી મુંબઈમાં આશરે ૬૦૦ કરોડ રૂપિયાની કિંમતની ૧૦ એકર પ્રાઈમ જમીન મંદિર ટ્રસ્ટને ફાળવી છે. ત્યાં TTD મંદિરના નિર્માણ પાછળ ૭૦ કરોડ રૂપિયા ખર્ચ